C. U. SHAH UNIVERSITY

*Poem by*
**Dr. R. N. Joshi**
Dean, Faculty of Arts & Humanities
VBT's Institute of Arts & Humanities
C. U. Shah University

**A Poem | June 24, 2021**

# છંછેડ નહીં

છે ધરા તરસી,
ને વાદળી નથી વરસી,
તૃષાની અતૃપ્તિને નાહક છંછેડ નહીં!

છે નભ તરસ્યું,
ને ક્ષિતિજે મળવા અધીરું,
મિલનની મનસાને નાહક છંછેડ નહીં!

છે તરુ સાવ ઠૂંઠુ,
ને વસંતના વિરહે સળગતું,
વિયોગની વેદનાને નાહક છંછેડ નહીં!

છે મનુજ સાવ એકલો,
ને મેળાવડા માટે ઝઝૂમતો,
એકલતાના ઝખ્મને નાહક છંછેડ નહીં!

છે સમય સરકતો,
ને ચાલ ચાલી સૌને નચાવતો,
હારેલાની હારને નાહક છંછેડ નહીં!

છે તારામાં તાકાત?
ને દેખાડી જા તારી ઔકાત,
મરેલાને મારીને નાહક છંછેડ નહીં!

છે તારો ચોતરફ કકળાટ,
ને આપે પળેપળ પછડાટ,
ઘાયલોના ઝખમને નાહક છંછેડ નહીં!

# હવે તો બસ કરો..!

કણસી રહી છે ધરા!
વીંઝો છો મારા પર કોરડા!
ક્યારે રૂઝાશે આ ઉજરડા?
હવે તો બસ કરો...!

મૂકી છે દોટ માનવે મશીનમાં,
ચીમનીઓ મૂકી ધૂમ્ર ઓકવામાં,
એ ધુમાડો ફેરવશે એને રાખમાં,
હવે તો બસ કરો..!

ચોતરફ વાગે છે ફેક્ટરીના ભૂંગળો,
ઓકે છે કાળા ડિબાંગ ધૂમ્રગોટાઓ,
મુશ્કેલ છે એક ચોખ્ખો શ્વાસ લેવો,
હવે તો બસ કરો...!

બણગા ફૂંકો છો વૃક્ષો વધુ વાવો,
ઉન્નતિના ઉન્માદમાં તમે જ કાપો,
તો પ્રાણવાયુ કોની પાસે ખરીદશો?
હવે તો બસ કરો....!

કહ્યુ'તુ એક માનવ એક છોડ વાવો,
જીવતરમાં એકાદ કામ સારુ કરો,
ન માનો તો મારો પોતાના પગ પર કુહાડો,
હવે તો બસ કરો...!

તમે તો આમ નકામા ચાલ્યા ગયા!
ટોપલો દોષનો બાળ પર નાખી ગયા,
આપી'તી શીખ કદી જતન ધરાનું કરી?
હવે તો બસ કરો...!

નથી જરૂર કરવાની દેખાડો અહીં,
માઝા મૂકી છે મહામારીએ અહીં,
તમારા દોષે થથરે છે હરએક અહીં,
આટલુ વીત્યુ છે તોય સમજણ નહીં?
હવે...બસ..હવે તો બસ કરો...!!

# હાઈકુ

---

**ચાલી સરિતા**
**ખારાશ ને પામવા**
**મધુર થઈ**!

**હાહાકાર છે**
**ચોતરફ લાશોનો**
**અવાજ ક્યાં છે**?!

**માણસ સસ્તો**
**માણસાઈ છે મોંઘી**
**કેમ શોધવી**?

---